ગાંધીનગર સમાચાર

સૌર ઊર્જા સંચાલિત છ બસો ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડશે

# ૩૮૧ મકાનો ઈન્દિરા આવાસના અધુરા પડ્યા છે

## તાલુકા અને જિલ્લા પંચાયતમાં ૩૮૬ જગ્યાઓ આજે પણ વણપુરાયેલી છે : પંચાયત મંત્રી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનોને લઈ કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના ૫૪૦ મકાનો બનાવવાની મંજુરી આપવામાં આવી છે.

આ સ્થિતિએ જિલ્લામાં ૧૫૯ મકાનો પૂર્ણ થયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪૩, માણસામાં ૪૯, કલોલમાં ૪૨ અને દહેગામમાં ૨૫ મકાનોનો સમાવેશ થાય છે.

**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં આ સ્થિતિએ ૩૮૧ આવાસો અધુરા છે. જેમાં ગાંધીનગરમાં ૮૮, માણસામાં ૯૭, કલોલમાં ૭૯ અને દહેગામાં ૧૧૭ મકાનોનો સમાવેશ થાય છે. આ મકાનો અધુરા રહેવાના કારણો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ યોજનામાં લાભાર્થી જાતે બાંધકામ કરે છે. કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચના મુજબ આ આવાસ બાંધકામ માટે ત્રણ વર્ષનો સમયગાળો મળે છે.

સભ્યશ્રીના અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ યોજનામાં લાભાર્થી દીઠ કુલ મકાન સહાય રૂ. ૭૦ હજાર ચુકવવામાં આવે છે.

● ૧૪-૧૫માં મંજૂરી

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામની વહીવટી મંજૂરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે પૈકી ૫૬ આવાસની વહીવટી મંજૂરી ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ આપી દેવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે અપાયેલ આ મંજૂરીમાં ૩૦ આવાસોની વહીવટીય મંજૂરી મહિલાઓને નામે આપવામાં આવી છે.

● સૌર ઊર્જા મથકો

ભાજપના શ્રી કિશોર કાનાણીએ સૌર ઊર્જા મથકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૩-૧૫ની સ્થિતિએ ગાંધીનગરમાં ૨ મે.વો.ની ક્ષમતા ધરાવતા મથકો કાર્યરત છે.

આખા રાજ્યમાં ૧૬ જિલ્લામાં ૯૯૫.૮૪ મે.વો.ની ક્ષમતા ધરાવતા વીજમથકો આવેલા છે.

● પંચાયતની ખાલી જગ્યા

કોંગીના કામિનીબા રાઠોડે જિલ્લા અને તાલુકા પંચાયતોની ખાલી જગ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ૧૦૧ કર્મચારીઓના મંજૂર મહેકમ સામે ૨૩ જગ્યાઓ ખાલી પડી છે. જેમાં ૯ જગ્યાઓ એક વર્ષથી ૭ જગ્યાઓ ૧ થી ૩ વર્ષથી અને ૭ જગ્યાઓ ૩ વર્ષથી વધારે સમયથી ખાલી છે.

ચારેય તાલુકામાં કુલ ૯૧ જગ્યાઓ ખાલી છે. જેમાં ૩૨ જગ્યાઓ ૧ વર્ષથી, ૩૦ જગ્યાઓ ૧ થી ૩ વર્ષમાં ખાલી થયેલી છે જ્યારે ૨૯ જગ્યાઓ ૩ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી પડેલી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૨૧૯ જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. જેમાં ૨૯૫ જગ્યાઓ ખાલી છે. જેમાં ૭૯ જગ્યા છેલ્લા એક વર્ષથી ખાલી છે. ૧૬૩ જગ્યા એકથી ૩ વર્ષમાં ખાલી પડેલી છે અને ૫૩ જગ્યા ૩ વર્ષથી ઉપરના સમયથી ખાલી પડેલી છે.



**નેશન ફર્સ્ટ :** અમદાવાદ ખાતે ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અનુરાગ ઠાકુર દ્વારા નેશન ફર્સ્ટ કાર્યક્રમનો આરંભ કરાયો હતો. પ્રભાવી વક્તવ્યથી કાર્યકરો મંત્રમુગ્ધ થયા હતા. રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રભક્તિ વિષય પર અસરકારક વિચારો વ્યક્ત કરાયા હતા. આ પ્રસંગે યુવા મોરચાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# સૌર ઊર્જા સંચાલિત છ બસો ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડશે

### ડી.પી.આર. તૈયાર થઈ ગયો; ત્રણ વર્ષ જુનુ સ્વપ્ન સાકાર થવાના અંતિમ તબક્કામાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં ક્લીન ક્લાઈમેન્ટની પહેલ રૂપે સૌર ઊર્જા સંચાલિત ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની બસ સેવા શરૂ કરવા અંગેનો પ્રોજેક્ટ ત્રણ વર્ષ પછી અમલની દિશામાં આગળ વધશે. જો કે હજુ આ પ્રોજેક્ટ ખરેખર ક્યારે કાર્યરત થશે તે અંગે અસમંજસતા પ્રવર્તી રહી છે.

રાજ્ય સરકારે ૨૦૧૩-૧૪માં આ પ્રોજેક્ટ વિચાર્યો હતો અને તે માટે રૂ. ૧૫ કરોડની ગ્રાન્ટ પણ છુટી કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે પાવર કોર્પોરેશન દ્વારા આ અંગેનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી સરકારમાં મંજૂરી માટે રજુ કરી દેવામાં આવ્યો છે. ક્લીન ક્લાઈમેટની પહેલના ભાગરૂપે તાજેતરમાં પ્રથમ તબક્કામાં સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત પ્રોજેક્ટ હાથ ધરાયો છે. હાલ છ જેટલા વાહનોથી આ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. તેનો સારો પ્રતિસાદ મુલાકાતીઓ અને કર્મચારીઓમાંથી મળ્યો છે.

પાવર કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૩૦ થી ૩૫ બેઠકોની ક્ષમતા ધરાવતી ૬ બસો દોડાવવામાં આવશે. આ માટે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે કુલ ત્રણ ચાર્જીંગ સ્ટેશન બનાવવામાં આવશે. ઈન્ટરસીટી પ્રોજેક્ટ અંતર્ગત આ માટેનો રોડ મેપ તૈયાર થઈ ચુક્યો છે.

બસો ઉપલબ્ધ થતાં જ તે પ્રોજેક્ટના ગાંધીનગરમાં એક, કોબા નજીક એક અને અમદાવાદમાં એક માર્જીંગ સ્ટેશન બનાવવામાં આવશે.

# સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં માર્ગ સુધારણાના કામ માટે નવો અંદાજ તૈયાર કરવો પડશે

ગાંધીનગર તા ૧૧

સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગ સુધારણાંનુ કામ હજુ પણ અધુરુ રહયુ છે. જી આઈ ડી સી વિસ્તારમાં દાયકાઓના અંતે રસ્તાનુ કામ હાથ ધરવામાં આવ્યુ પરંતુ પુર્ણ કરી શકાયુ નથી મોટાભાગના રસ્તાઓની સુધારણા માટે મેટલીંગ કામ કરવુ પડે તેવી સ્થિતિ છે. જેના લીધે આ કામને અનુલક્ષી સુધારેલો અંદાજ તૈયાર કરવો પડશે.ત્યારબાદ વિભાગ કક્ષાએથી મંજુરી અપાયા બાદ આગળનુ કામ હાથ ધરાશે. કોર્પોરેશન દ્વારા શહેરી રસ્તાની સુધારણા માટે ૧૨ કરોડ ફાળવવામાં આવ્યા છતા જી આઈ ડી સી વિસ્તારમાં રસ્તાની સુવિધા અપગ્રેડ થઈ શકી નથી.

ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે થોડા સમય અગાઉ કોર્પોરેશન દ્વારા પાટનગર યોજના વિભાગને રસ્તાના કામો હાથ ધરવા માટે રૂ ૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી

● અનુસંધાન પાના - ૭ પર

# શહેર ભાજપના પ્રમુખ તરીકે મહેન્દ્ર દાસ નિમાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ તરીકે શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ)ની આજે પ્રદેશ કક્ષાએથી વિધિવત્ જાહેરાત કરી દેવાઈ છે.

શહેર ભાજપના પ્રમુખની નિયુક્તી બાકી રહી હતી. ભાજપમાં ચાલેલી આંતરિક ખેંચતાણને અંતે આજે પ્રદેશ એકમ દ્વારા શ્રી મહેન્દ્રભાઈ પટેલ(દાસ)ની નિમણુંક જાહેર કરી દેવામાં આવી છે.



છેલ્લા એક દસકાથી પણ પક્ષના સંગઠનમાં દાસના હુલામણા નામથી ઓળખ ધરાવતા શ્રી મહેન્દ્રભાઈ વિદાય લેતી ટીમમાં સિનીયર ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપતા હતા. તેમણે પક્ષના સંગઠનમાં વિવિધ જવાબદારીઓ સંભાળી છે અને અચ્છા સંગઠન તરીકે પણ આગવી ઓળખ ધરાવે છે. સે. ૬માં તેઓ રહે છે અને પક્ષના કાર્યકરોમાં દાસના હુલામણા નામથી પ્રચલિત છે.

તેઓ આગામી એક-બે દિવસમાં જ તેમની આ નવી જવાબદારી સંભાળી લેશે. આજે તેમની જાહેરાત થતાં જ પક્ષના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# આજે ધોરણ-૧૦ અને ૧૨માં ગણિતનું પેપર

ગાંધીનગર તા ૧૧

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષામાં આજે વિદ્યાર્થીઓ ગણિત વિષયની પરિક્ષા આપશે. બોર્ડ પરિક્ષા હાલ મધ્યાંતરે પહોચી છે. ત્યારે જિલ્લામાં પરિક્ષા દરમિયાન એક કોપી કેસ નોંધાયો છે. આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ભુગોળ વિષયની પરિક્ષા લેવાઈ હતી.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષામાં જિલ્લામાંથી ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપી રહયા છે. ધોરણ -૧૦ અને ૧૨ની પરિક્ષાનો જિલ્લામાં શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ થયા બાદ પ્રારંભિક તબક્કે ગુજરાતી તેમજ ભૌતિકવિજ્ઞાનનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશહાલી જોવા મળી હતી. જયારે કેમેસ્ટ્રી અને વિજ્ઞાનની કસોટી પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આજની કસોટી વધુ મહત્વની પુરવાર થશે. આજે ધોરણ ૧૦ અને વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ ગણિત વિષયની કસોટી આપશે.


'ગાંધીનગર સમાચાર'ના જન્મદિને હાર્દિક શુભકામનાઓ...
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
**શ્રી ગાયત્રી વોચ કંપની**
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



**બેસણું - પ્રાર્થનાસભા**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ગામોટ ડાહ્યાલાલ મગનલાલ (શિવઉપાસક)** તા.૨૬-૨-૧૬ને શુક્રવારના રોજ કૈલાશવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું - પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ :- બ્રહ્મભવન, રંગમંચ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર, મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯, ૯૯૨૪૫ ૧૦૧૫૯
નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ (આરોગ્ય વિભાગ)
ડૉ. મિલન નરેન્દ્ર રાવલ — કપિલાબેન એન. રાવલ
સેજલ એમ. રાવલ — (મહેશ્વરી ફુડ & બેકરી, સે.-૨૨)



**મનાલી ટ્રેકીંગ**
ઉંમર ૧૩ થી ૨૫ (દિવસ - ૧૦)
કશ્યપ નિમાવત
મો. : ૯૮૨૪૧૬૦૪૭૪



**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઇલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩.
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮
**જોઈએ છે - મિલ્ક ટેન્કર**
ગાંધીનગર તાલુકાની ગ્રામ્ય દૂધ મંડળીમાં દૂધ સંઘમાં દૂધ લાવવા માટે ૧૦ હજાર લીટર સુધીની કેપેસીટીવાળા મિલ્ક ટેન્કરની જરૂરિયાત છે. રસ ધરાવતી વ્યક્તિઓએ જાહેરાતની તારીખથી તા. ૧૮-૩-૨૦૧૬ સુધી ઓફિસ સમય દરમિયાન ટેન્ડર ફી ભરી જરૂરી વિગતો સાથે ટેન્ડર પોર્મ ભરી પરત મોકલી આપવાના રહેશે. દૂધની આવકના પ્રમાણમાં ટેન્કરની કેપેસીટી નક્કી કરવાની સત્તા મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.
**મેનેજીંગ ડિરેક્ટર**



**મોડાસા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **મનુપ્રસાદ લક્ષ્મીશંકર જોષી** (નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી ગાંધીનગર) નું તા.૧૦/૩/૧૬ને ગુરૂવારના રોજ નિધન થયું છે. પરમાત્માને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૧૩/૩/૧૬ રવિવારના રોજ ૧૨ થી ૪ કલાકે રાખેલ છે.
સ્થળ : ૯૯, કિષ્ણા દ્વારીકાપુરી સોસાયટી, મેઘરજ રોડ, પેટ્રોલપંપની સામે, મોડાસા.
સ્વ.કાન્તીલાલ લક્ષ્મીશંકર જોષી (ભાઈશ્રી) — ગં.સ્વ.સુધાબેન એમ.જોષી
શ્રી ચીનુપ્રસાદ લક્ષ્મીશંકર જોષી (ભાઈશ્રી) — (નિવૃત્ત મેટ્રન સી.હો.)
ડૉ.વિજયકુમાર મનુપ્રસાદ જોષી (પુત્ર) — મયુરીબેન સંજયકુમાર ઉપાધ્યાય (પુત્રી)
ગીરીશભાઈ, રાકેશભાઈ, મીનેશભાઈ — મૃણાલિની વિપુલકુમાર ત્રિવેદી (પુત્રી)
વિનોદભાઈ, સંજયભાઈ, ડૉ.ભાર્ગવ, — ધારિણી ચિરાગકુમાર ભટ્ટ (પુત્રી)
કેતનભાઈ, દિવ્યાંગ, જતન — ડૉ.ભારતીબેન વી. જોષી
લિ. — કુ.જયવી, કુ.કર્તવી, પર્વ, હીર
ફર્મ : ગાયત્રી મેડીકેર, ગાયત્રી મીનરલ વોટર (સીમલવાડા) સમસ્ત જોષી પરિવાર (હફસાબાદ)
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.



**પંદરમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. તા. ૧૨-૩-૨૦૦૧
સ્વ. મણીલાલ અંબાલાલ પ્રજાપતિ (કોલવડા)
ધુપસળી જેવું જીવન જીવી ગયા, ખુદ જ્યોત બની બધાનું જીવન પ્રકાશિત કરી ગયા, જીવનમાં દરેક પ્રસંગે એક માર્ગદર્શક બની ગયા વસમું છે જીવન હવે તમારા વગર આંખોના અશ્રુ બની આંખોમાં જસમાઈ ગયાં
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લિ.
સુરેશભાઈ મથુરદાસ પ્રજાપતિ — સૂર્યાબેન સુરેશભાઈ પ્રજાપતિ
અંકિત સુરેશભાઈ પ્રજાપતિ — પ્રિયંકા અંકિત પ્રજાપતિ
દિપકકુમાર અરવિંદભાઈ પ્રજાપતિ — બિજલ દિપકકુમાર પ્રજાપતિ
કૃપાલ સુરેશભાઈ પ્રજાપતિ
ફર્મ : પૂર્ણિમા ઝેરોક્ષ, સેક્ટર-૧૬, ગાંધીનગર



**ચૌદમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**પૂ. લક્ષ્મીબા**
સ્વર્ગવાસ તા. : ૧૨-૩-૨૦૦૨
આપની સ્મૃતિ જ દેવાલય અને મંદિર છે પૂજનીય આપ છો ને આપની તસવીર સજ્જનો મૃત્યુ પછી પણ દેવ થઇ જાય છે એવા બાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ
**રાજેશ પંચોલી**
મેનેજિંગ ડીરેક્ટરશ્રી,
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી
સેક્ટર-૨૪, ગાંધીનગર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com